ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
બ્લોક-૯/૫મો માળ,
સરદાર ભવન, ગાંધીનગર
જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૩-૨૪

# કાયદા સલાહકાર (Legal Consultant)ની કરાર આધારીત ભરતી

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની અમદાવાદ(૧), ગાંધીનગર(૨), મહેસાણા(૧), સુરત(૧), ગોધરા(૧), વડોદરા(૧), ભાવનગર(૧), રાજકોટ(૨) એમ કુલ ૧૦(દસ) સ્થળો ઉપરની કચેરીઓની જગ્યા પર કાયદા સલાહકાર (Legal Consultant)ની ૧૧ માસ માટે કરાર આધારીત નિમણૂક માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| જગ્યાનું નામ | કાયદા સલાહકાર (Legal Consultant) |
| કુલ જગ્યા | ૧૦ (દસ) |
| વય મર્યાદા | મહત્તમ ૫૦ વર્ષ |
| પગાર અને ભથ્થા | ૬૦,૦૦૦/- માસિક ફિકસ એકત્રિત રકમ |
| લાયકાત અને અનુભવ | (૧) ભારતની માન્ય યુનિવર્સિટીના કાયદાના સ્નાતકની પદવી (L.L.B)<br>(૨) કાયદાની પ્રેકટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.<br>(3) CCC+ level નું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>(૪) ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાત અથવા બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતો હોવા જોઇએ.<br>(૫) ઓછામાં ઓછો ૫(પાંચ) વર્ષનો પ્રેકટીસીંગ એડવોકેટ તરીકેનો અનુભવ ધરાવતા હોવા જોઇએ. જે પૈકી,<br>(૫.૧) નામ.હાઇકોર્ટમાં ઓછામાં ઓછી ૦૩ વર્ષની વકીલતનો અનુભવ, અથવા<br>(૫.૨) સરકારી વિભાગો / વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામ.સુપ્રિમકોર્ટ/હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીમાં ૦૩ વર્ષનો અનુભવ. |

**અન્ય વિગતો:**

(૧) અંગ્રેજી,ગુજરાતી અને હિન્દી ભાષાની જાણકારી જરૂરી છે.

(૨) અરજી પત્રક સાથે "ઉપસચિવ" નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત સરકારના નામનો રૂ.૧૦૦/-નો નોન રિફંડેબલ Demand Draft મોકલવાનો રહેશે.

(૩) સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૨૫ સુધીમાં મળે તે રીતે ઉપસચિવશ્રી(મહેકમ), નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક-૯/૫ મો માળ, સરદાર ભવન, ગાંધીનગરના નામે મોકલી આપવાના રહેશે. અધૂરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૪) અરજી પત્રકનો નમૂનો, જાહેરાત અંગે વિગતવાર માહિતી તથા લીગલ કન્સલટન્ટની જગ્યાની બોલીઓ/શરતો અને ફરજો/કામગીરીની વિગતો વિભાગની વેબસાઇટ https://guj-nwrws.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે.

(૫) પસંદગી પામેલ કાયદા સલાહકારને ઉપર દર્શાવ્યા મુજબની જગ્યાઓ પૈકી કોઈપણ જગ્યા પર નિમણૂક આપવાનો અબાધિત અધિકાર વિભાગને રહેશે.તેમનું નિમણૂકનું સ્થળ એ મુખ્ય મથક ગણવાનું રહેશે.

(૬) સંબંધિત ઉમેદવારોને જ્યારે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે જરૂરી તમામ અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

કાયદા સલાહકાર (Legal Consultant)ની નિમણૂક માટેની શરતો અને બોલીઓ :

(૧) કાયદા સલાહકારને આ કરાર આધારિત જગ્યા પર માસિક રૂ. ૬૦,૦૦૦/- નું એકત્રિત વેતન મળવાપાત્ર થશે. આ ફિક્સ વેતન પર તેઓને કોઇપણ જાતના અન્ય ભથ્થા મળવાપાત્ર થશે નહીં.

(૨) કરારના સમય દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં તથા વચગાળાની રાહત તથા બીજા અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૩) કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર, પેશગી કે તેવો અન્ય નાણાકીય કે સેવાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૪) કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો બજાવેલ સમયગાળાની એકત્રીત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાકીય લાભ, ex-gratia લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૫) કાયદા સલાહકારને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના ઉપ સચિવ કક્ષાના અધિકારીને મળવાપાત્ર હોય તે મુજબનું મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

(૬) તેઓને ૧૧ માસની કરારીય નિમણૂક દરમિયાન ૧૧ (અગિયાર) પરચુરણ રજા મળવાપાત્ર થશે, અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

(૭) કાયદા સલાહકારે મુખ્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્યમથક છોડી શકશે નહીં.

(૮) સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.

(૯) કાયદા સલાહકારે પોતાના Email તથા Mobile No વિભાગના Nodal Officer, કાયદા વિભાગની Monitoring શાખા તથા વિભાગના સચિવશ્રી તેમજ ખાતાના વડાને પુરા પાડવાના રહેશે.

(૧૦) કરાર આધારિત કાયદા સલાહકારે વિભાગ નિયત કરે તે સ્થળ ખાતેની કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.

(૧૧) તેઓને ગુજરાત સીવીલ સર્વીસીસ (કન્ડકટ) રુલ્સ -૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે, અને તેનો ભંગ થયેથી તેઓની કરારીય સેવાનો કોઇપણ જાતની કાર્યવાહી વગર અંત લાવી શકાશે.

(૧૨) કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી તેમના ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહિં, પ્રગટ કરશે નહીં કે જાહેર કરી શકશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની રહેશે.

(૧૩) કાયદા સલાહકારની પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસ કરાર આધારિત સેવાઓ લઇ શકાશે. જે જરૂરિયાત પ્રમાણે ૧૧ માસની મુદત માટે વધુ બે ટર્મ સુધી આ સમયગાળો કરારીય સેવાઓની પ્રવર્તમાન જોગવાઇઓને કાયદાકીય બાધ ન આવે તે રીતે વધારી શકાશે.

(૧૪) સંબંધિત અધિક્ષક ઇજનેર દ્વારા તેઓની કામગીરીની દર ત્રણ માસે સમીક્ષા કરી, આ સેવાઓ જો સંતોષકારક જણાશે નહીં તો એક માસની નોટીસ આપી વિભાગના પરામર્શમાં તેમની સેવાઓનો અંત લાવી શકાશે.

(૧૫) તેઓને નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન-૭ માં નિમણૂકના સ્થળે ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૬) તેઓની હાજર થયા તારીખ ધ્યાને લઇને ૧૧ માસનો સમયગાળો પૂર્ણ થયેથી તેઓની કરાર આધારીત સેવાનો આપોઆપ અંત આવશે.

(૧૭) અધવચ્ચેથી પણ તેઓની કરાર આધારીત સેવાનો અંત બન્ને પક્ષે ૧ માસની નોટીસથી લાવી શકાશે. ૧(એક) માસની નોટીસના વિકલ્પે, ૧(એક) માસનો નોટીસ પે આપીને/ભરીને તાત્કાલિક સેવાનો અંત પણ કરી શકાશે.

**ફરજો / કામગીરી :**

(૧) કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામ.કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવાનું થશે નહીં. પરંતુ, સરકારના સંબંધિત સરકારી વકીલને કેસની બ્રીફ સાથે કેસની વિગતોથી અવગત કરાવવાના રહેશે તથા ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રીના નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.

(૨) કાયદા સલાહકારે તેઓના કાર્યક્ષેત્રને સંબંધિત કેસોના મોનીટરીંગ, સુપરવીઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો, તે પૈકી કેટલા કેસમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરૂધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસ વાર ચોક્કસ માહિતી ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રીને દર સપ્તાહે અચુક રજુ કરવાની રહેશે.

(૩) કાર્યક્ષેત્રને સંબંધિત લીગલ મેટર્સમાં સંબંધિત ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રીને જરૂરી સલાહ આપી, સરકારી વકીલશ્રીને પણ સહાયરૂપ થઇ શકે તેવા કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદાકીય સલાહ આપવાની રહેશે.

(૪) Law officers (Appointment and Condition of Service) and Conduct of Legal Affairs of government Rules - 2009 ની મર્યાદામાં સરકારી વકીલ ને યોગ્ય સૂચના-માહિતી સમયસર પુરી પાડવાની રહેશે.

(૫) કેસ સંબંધે રીસર્ચ (સંશોધન) ની કામગીરી પણ તેઓ દ્વારા કરવાની રહેશે.

(૬) Statement of fact અને નોંધ તથા પેરા વાઇસ રીમાર્કસ તૈયાર કરવા, દસ્તાવેજી પુરાવા /પુર્તતા કરી સંબંધિત નામ. કોર્ટના સરકારી વકીલશ્રીને પુરા પાડવાની કામગીરી કરવાની રહેશે.

(૭) સરકાર વતી સમયસર એફીડેવીટ –ઇન-રીપ્લાય તૈયાર કરી સમયસર (Well in time) દાખલ કરવા અને તે મુજબ જયુડીશીયલ / કવોઝી જયુડીશીયલ કચેરીઓ / હાઇકોર્ટ, સુપ્રિમકોર્ટ સમક્ષ સરકારનું હિત/પક્ષ અસરકારક રીતે રજુ થાય અને સરકારનું હિત જળવાઇ રહે તે અંગે પૂરતી કાળજી લેવાની રહેશે.

(૮) કાયદા સલાહકાર તરીકે નિમણૂંક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લીટીગેશન પોલીસી અને સ્ટેટ લીટીગેશન પોલીસી અન્વયે રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનીટરીંગ અને તે કેસો પુરા કરાવવા માટે નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.

(a) Focusing on core issues involved in the litigation and addressing them squarely.

(b) Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.

(c) Ensuring that correct facts and all relevant document are placed before the court.

(d) Pending cases with the government as party to be reviewed on priority basis to enable quick disposal.

(e) Propose monitoring and review mechanism to sensitize government in important cases and avoid delay.

(૯) સંબંધિત કાર્યક્ષેત્રના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાની રહેશે તથા તેનું IILMS Online Portal પર મોનીટરીંગ કરવાનું રહેશે.

(૧૦) કાયદા સલાહકારે તેઓના કાર્યક્ષેત્રને લગતા નામ. સુપ્રિમ કોર્ટ, નામ.હાઇકોર્ટ તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોર્ટસ, ટ્રીબ્યુનલ્સ કે અન્ય ઓથોરીટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે અને જે કોઇ હુકમ કે અંતિમ ચુકાદો આવે તે ચુકાદાથી જે તે ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રીને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.

(૧૧) ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રી જણાવે તે કેસમાં મુદત દરમ્યાન હાજરી આપવાની રહેશે.

(૧૨) વિભાગના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સંબંધે સંબંધિત ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રીને જાણ કરવાની રહેશે.

(૧૩) કાયદા સલાહકારે કાર્યક્ષેત્રના કેસો સિવાય મહત્વની બાબતોમાં કે જ્યાં કોઇ કાયદાકીય કે હકીકતના આધારે અભિપ્રાય આપવાનો અપેક્ષિત થતો હોય તો તે આપવાનો રહેશે અને જો સરકારી વકીલશ્રીના પરામર્શમાં મેળવવાનો થતો હોય તો તે મેળવી આપવાનો રહેશે.

(૧૪) સંબંધિત કાર્યક્ષેત્રના ખાસ કેસો કે જે સરકારશ્રીની અગત્યની પોલીસીને અસરકર્તા હોય તેનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે. અને તેનાથી ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રીને અવગત કરવાના રહેશે.

(૧૫) આ ઉપરાંત, ખાતાના વડા / અધિક્ષક ઈજનેરશ્રી વખતો વખત કોર્ટ કેસ સંબંધી જે કાર્યવાહી સોંપે તે તમામ કામગીરી કરવાની રહેશે.

# <u>અરજી પત્રક</u>

ઉમેદવારનો
તાજેતરનો પાસપોર્ટ
સાઈઝનો ફોટો

પ્રતિ,
ઉપ સચિવશ્રી (મહેકમ),
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
બ્લોક-૯/૫મો માળ, સરદાર ભવન,
ગાંધીનગર

**વિષય**:- કાયદા સલાહકાર (Legal Consultant)ની કરાર આધારીત
જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા બાબત.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અરજદારનું પૂરૂ નામ: | અટક | નામ | પિતા/ પતિનું નામ |
| | | | | |
| ૨ | પત્ર વ્યવહારનું સરનામું તથા મોબાઇલ નંબર : | | | |
| | | | | |
| 3 | જન્મ તારીખ: | | | |
| ૪ | ઉંમર (જાહેરાતની તારીખના રોજ) | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | શૈક્ષણિક લાયકાત:- | | | | |
| | ક્રમ | પદવી | માન્યબોર્ડ/યુનિવર્સિટીનું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ટકાવારી |
| | ૧ | સ્નાતક | | | |
| | ૨ | અનુસ્નાતક | | | |
| | 3 | LLB | | | |

| | | |
|---|---|---|
| ૬ | અન્ય લાયકાત | |
| ૭ | બાર કાઉન્સીલ ઓફ ગુજરાત/ બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં રજીસ્ટ્રેશન કરાવ્યા તારીખ | |
| ૮ | અનુભવની વિગતો | |
| | | |
| | | |
| ૯. | CCC+ Leval ના કોમ્પ્યુટર જ્ઞાન બાબતે રજૂ કરેલ સર્ટિ. /અન્ય વિગતો | |
| ૧૦. | માતૃભાષા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | ભાષાની જાણકારી | બોલી શકો | વાંચી શકો | લખી શકો |
| | ગુજરાતી | | | |
| | હિન્દી | | | |
| | અંગ્રેજી | | | |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | મુખ્યમથક પસંદગીની પ્રાથમિકતા (Priority) | ક્રમ | મુખ્ય મથકનું નામ |
| | | ૧. | |
| | | ૨. | |
| | | 3. | |

## <u>બાંહેધરી પત્રક</u>

આથી હું .........................................................................................જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપુર્ણપણે સત્ય છે. જો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો ઉપ સચિવશ્રી (મહેકમ), નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

.............................................

તારીખ :                                                  ઉમેદવારની સહી

સ્થળ: